# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૮ • અંક ૩ • સળંગ અંક ૮૬ • મુંબઈ • જાન્યુઆરી ૨૦૧૪ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર


ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજન, જય જિનેન્દ્ર !!**

**When you move your focus from competition to contribution, life becomes celebration. Never try to defeat people, just win them. In every game I play, I always want to win. But in relationship and friendship I am always looser - do you know why? When I play with them, I respect relation truely. In life any relation is never planned for it happns for a reason, But when relation is real it becomes plan for life and a reason for living.**

જીવનમાં પ્રત્યેક કાર્ય અને કર્મ સાથે સફળતા અને નિષ્ફળતા કથીતપણે જોડાયેલ હોય જ છે. સફળતાને પામવા સખત અને સતત ત્યાગ, તપ અને તર્પણ કરવા આવશ્યક બની રહે છે. ૧૨ થી ૧૬ વર્ષની વયે બાળકની વિચાર શકિત અવિરત ખીલતી રહે છે. સોળે સાન અને વીસે વાન, વળ્યા તો વળ્યા નહીં તો પથ્થર પાન! લક્ષ સિધ્ધિ માટે માનવીએ સતત પ્રયત્નો કરવા પડે છે. અને દૂરની કે નજીકની વ્યકિતઓનો સહકાર મેળવવો આવશ્યક બની રહે છે. લક્ષસિધ્ધિ માટે ઊંડા નિઃસ્વાર્થ આત્મવિશ્વાસની, શ્રધ્ધાની અને અથાગ મહેનતની આવશ્યકતા છે. આત્મનિષ્ઠા અને ધ્યેય પ્રત્યેની એકનિષ્ઠા જીવનમાં અચૂક સફળતા અપાવે છે.

*મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા સદૈવ રહે સાથ;*
*ખેડૂત વાવે શ્રમ કરી ઉગાડવું હરિ હાથ !*

**કર્મણ્યે વાધિકારેસ્તુ, મા ફલેષુ કદાચન.** ફળની ઈચ્છા રાખ્યા વગર કર્મ કરે જાઓ, આશા રાખશો તો લક્ષ્યસિધ્ધિ થયા વગર રહેશે નહિ. સફળતાના પગથિયા ચઢવા ચોકકસપણે મુશ્કેલ હોય છે. પરંતુ સફળતા મળ્યા પછી પચાવવી વધુ મુશ્કેલ બને છે. નમ્ર, શાંતિ, વિનય-વિવેકી અને ખાનદાની ગુણોથી છલકતી વ્યકિતને સિધ્ધિનો નશો ચઢતો નથી! નાના કાર્યો જ અંતિમ ધ્યેય સુધી આપણને લઈ જાય છે. સમાજ ઉત્કર્ષ સાધવા હકારાત્મક અભિગમ અને ઔદાર્ય અતિ મહત્વ ધરાવે છે. સંસ્થાની ઉજ્જવળ યશોગાથા તેના થકી જ સફળ બની શકે !

### પાટણ ખાતે કોલેજ શરૂ કરવા સુચિત રૂપરેખાઃ

પાટણ ખાતે **શ્રી પાટણ જૈન મંડળ વિદ્યાલય સંકુલ**માં જુન-૨૦૧૪ થી આર્ટસ, કોમર્સ તથા સાયન્સ ફેકલ્ટીની કોલેજ શરૂ કરવા યુનિવર્સિટીની મંજુરી તથા અન્ય આવશ્યક કાર્યારંભ કરવાનું વિચારણા હેઠળ છે. આ અંગેની સુચિત રૂપરેખા આ જ અંકમાં પાના નં. ૬ અને ૭ ઉપર આપની જાણ અને અભિપ્રાય ખાતર આપેલ છે, જે વિદિત થાય.

પોતાની અપેક્ષાથી બીજાને માપવાનો કે પામવાનો પ્રયત્ન અધિરાઈ કે અધુરપ વીના કંઈ જ નિપજાવતો નથી. આપણે સૌ સંબંધોના નવા આયામ અને વરવા વ્યાયામ વચ્ચે ગોથા ખાઈએ છીએ. સંબંધોના મેળાને અકબંધ રાખવા તમામ સ્તરે વ્યાપક દૃષ્ટિ કેળવવાની જરૂર છે.

### પાટણ પ્રતિબિંબ સ્પોન્સર યોજના :

**શ્રી પાટણ જૈન મંડળ**ની સર્વાંગી પ્રગતિ અને વિકાસ માટે આપણા માસિક મુખપત્ર પાટણ પ્રતિબિંબની કામગીરી પ્રસંશનીય અને અનેરી રહી છે. સમય અને સંજોગોને આધિન આવતા ૬-૭ વર્ષમાં ૩૦૦ ટકા વિકાસ કરી વર્ષ ૨૦૨૦ સુધીમાં સંસ્થાનું કોરપસ રૂા.૫૧ કરોડને આંબવા પ્રતિબિંબ લક્ષ્યભેદી, આકર્ષક બહુરંગી તથા વિસ્તૃત માહિતી પૂર્ણ બનાવવાનું અતિ આવશ્યક છે. પાટણ પ્રતિબિંબના માધ્યમ થકી આપણું લક્ષ્યસિધ્ધ કરી શકીશું એવો વિશ્વાસ અસ્થાને નથી જ. આ અંકમાં અન્યત્ર પ્રતિબિંબના સ્પોન્સર માટેની રૂપરેખા આપવામાં આવેલ છે. સમાજ અને સંસ્થાના વિસ્તૃત હિત માટે આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે આપ પણ હૃદયપૂર્વક તેમાં સહભાગી બનશો.

### પ્રિપ્રાયમરી શિક્ષણ સહાય નિધિ :

**શ્રી મૌલિકકુમાર - દિવ્યબાળાબેન નવીનભાઈ શાહ** (પોળની શેરી-ફોફલીયાવાડો)ના નામે છ વર્ષ સુધીના પ્લેગ્રુપ, જુનીયર તથા સીનીયર કે.જી.માં અભ્યાસ કરતાં સમાજના બાળકોને શૈક્ષણિક ફીમાં સહાયક થવા તેમના નામે પ્રિપ્રાયમરી શિક્ષણ સહાય નિધિ અન્વયે રૂા. ૨૫,૦૦,૦૦૦/- ની સખાવત બદલ સંસ્થા ભાવભરી અનુમોદના કરે છે.

## શ્રી ગિરનારજી તીર્થ યાત્રા-પ્રવાસ :

શ્રી પાટણ જૈન મંડળ જીવન સૌરભ સમિતિ આયોજીત **શ્રીમતી ચંદ્રીકાબેન રજનીકાંત મંગુલાલ શાહ** ડીસાવાળા (કોકાનો પાડો) પ્રેરિત સમાજના વરિષ્ઠો માટેના યાત્રા-પ્રવાસનું આયોજન આખરી તબક્કામાં પ્રવેશી રહ્યું છે. પૂજ્ય **માતુશ્રી કાંતાબેન તથા પિતાશ્રી શ્રી મંગુલાલ અમથાલાલ શાહ**ના અત્મશ્રેયાર્થે ઉકત પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. **ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ (ગુંદરવાલા)** તથા જીવન સૌરભના મંત્રીઓ **શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ** તથા **શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ**, પ્રેરક **શ્રી રજનીભાઈ મંગુલાલ શાહ** તથા એસ.પી. ગ્રુપના **શ્રી પરેશભાઈ ચીનુભાઈ શાહ** સાથે વિસ્તૃત વાટાઘાટ કરી રહેલ છે. સંસ્થાના ઉપપ્રમુખો તથા જીવન સૌરભ સમિતિના મંત્રી અને સંસ્થાના શ્રી જ્ઞાનેશભાઈ લાપસીયા ગિરનારજી જઈ વિવિધ પ્રશ્નોનું વિશ્લેષણ કરી જરૂરિયાત અનુસાર વધુને વધુ સગવડ આપી શકાય તેવા પ્રયત્નો કરેલ છે. ઉકત યાત્રા-પ્રવાસની સફળતા માટે હોદ્દેદારો તથા કાર્યકરોને મારી હાર્દિક શુભકામના.

આભાર...!

❑ **પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

## સામાન્ય સમિતિની સભાની ખબર

શ્રી પાટણ જૈન મંડળની સામાન્ય સમિતિની એક સભા શનિવાર તા. ૦૧-૦૨-૨૦૧૪ના રોજ બપોરે ૫-૦૦ કલાકે પરિપત્રમાં જણાવ્યા મુજબના કામકાજ માટે શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦ ખાતે રાખવામા આવેલ છે, સભાસદોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

**માનદ મંત્રીઓ-એડમીનીસ્ટ્રેશન**

## પરિવાર પરિચય - વસતીપત્રક

**સંસ્થા દ્વારા તાજેતરમાં જ પ્રકાશિત કરેલ સાતમું વસતીપત્રક સંસ્થાની વેબસાઈટના વસતિપત્રક વિભાગમાં મુકેલ છે. જેમાં વ્યકિત / કુટુંબની વિગતમાં જન્મતારીખ, બ્લડ ગ્રુપ, સરનામા, ફોન નંબર કે અન્ય કોઈપણ જાતની પ્રિન્ટીંગ ક્ષતિ રહેલ હોય તો વેબસાઈટમાં સુધારી શકાશે.**

**આ ઉપરાંત કોઈપણ કુટુંબની વિગત વેબસાઈટમાં ન હોય તો તેઓએ નવેસરથી ફોર્મ ભરીને ઈમેલ કરવું. આ માટેનું વસતીપત્રક માહિતી ફોર્મ વેબસાઈટમાં ઉપલબ્ધ છે. આ અંગેની ભૂલ સુધારની વિગત patanmandal@gmail.com માં ઈમેલ કરો.**

## 'પાટણ પ્રતિબિંબ'ના સ્પોન્સર (પુરસ્કર્તા) મેળવવા માટેની (સૂચિત) રૂપરેખા

**શ્રી પાટણ જૈન મંડળ વિશેની અનેકવિધ ગતિવિધિઓની માહિતીઓ સમાજ સુધી પહોંચાડવાનું અદ્વિતીય કાર્ય સંસ્થાનું માસિક મુખપત્ર 'પાટણ પ્રતિબિંબ' છેલ્લા ૩૭ વર્ષોથી અવિરત કરતું રહ્યું છે.**

**છેલ્લા ચાર-પાંચ વર્ષમાં મંડળના અદ્દભુત વિકાસ માટે 'પાટણ પ્રતિબિંબ'ના સમયસરના આકર્ષક માહિતી પ્રદાન દ્વારા સવિશેષ યોગદાન રહ્યું છે. તેથી મંડળનો આવતા ૬-૭ વર્ષમાં ૩૦૦ ટકા વિકાસ કરી વર્ષ ૨૦૨૦ સુધીમાં મંડળનું કોરપસ રૂા.૫૧ કરોડને આંબવા 'પાટણ પ્રતિબિંબ'ને વધુને વધુ આકર્ષક, લક્ષ્યભેદી પ્રિન્ટ કરી દાતાઓના રંગીન ફોટાઓ સાથે પ્રેરક અને વિસ્તૃત અનુમોદનાઓ તથા સવિશેષ માહિતી પ્રકાશિત કરવાનું નિતાંત આવશ્યક છે, જેથી અન્ય મહાનુભાવોને પ્રેરણા મળે. સમાજની નખશિખ સ્પષ્ટ માહિતી લોકો સુધી પહોંચાડી શકાય તે માટે યોગ્ય પગારદાર અને અનુભવી એડીટર તથા સહયોગીઓનો સાથ મેળવવો જરૂરી છે. આ અંગેના વિવિધ ખર્ચને પહોચી વળવા 'પાટણ પ્રતિબિંબ'ના સ્પોન્સર મેળવવાની નિમ્ન જણાવેલ રૂપરેખા વિચારણા હેઠળ છે.**

### ૧. કાયમી સ્પોન્સર :

**દર મહિને એક અંક અનુસાર એક વર્ષના પાટણ પ્રતિબિંબના બાર અંક પ્રકાશિત કરાય છે. હાલ આ બાર અંકમાંથી ફકત છ અંક માટે દરેક અંકના કાયમી સ્પોન્સર સ્વીકારીશું.**

**એક અંકના કાયમી સ્પોન્સર : રકમ રૂા.૨,૫૦,૦૦૦/-**

### ૨. ફકત એક અંકના સ્પોન્સર :

**શરૂઆતમાં અંક દીઠ રૂા.૨૫,૦૦૦/- , જે ભવિષ્યમાં સમય અને સંજોગ અનુસાર જરૂરિયાત પ્રમાણે વધારી શકાશે.**

૩. **સ્પોન્સરની વિજ્ઞપ્તિ પાટણ પ્રતિબિંબના પ્રથમ કવર પેજ પર કલરમાં એક ફોટા સાથે ૩ સે.મી. X ૨ કોલમની પટ્ટી (સ્ટ્રીપ) કે ૭ સે.મી. X એક કોલમમાં આપવામાં આવશે.**

૪. **કલમ-૧ પ્રમાણેના કાયમી સ્પોન્સરની વિજ્ઞપ્તિ નીચે કલમ-૨ પ્રમાણેના ફકત એક અંકના સ્પોન્સરની વિજ્ઞપ્તિ આપવામાં આવશે.**

૫. **દરેક અંક માટે એક એમ હાલ વર્ષમાં છ અંક માટે જ કલમ-૧ અનુસાર કાયમી સ્પોન્સર સ્વીકારવામાં આવશે. ભવિષ્યમાં વધુ અંકો માટે કાયમી સ્પોન્સર અને તે માટેની રકમ એકથી વધુ કલમ-૧ અને કલમ-૨ પ્રમાણેના સ્પોન્સર નકકી કરી શકાશે.**

## તંત્રીસ્થાનેથી...

### જીવનની પાનખરે

***જીવનમાં આમ તો બધુ અસ્તવ્યસ્ત છે,***
***ફાવે-સમજે તો સમતલ કરી લેજે,***
***જિંદગી શ્વાસ ને ઉચ્છવાસનો ખેલ છે,***
***જીવંત જિંદગી શ્વાસમાં ભરી લેજે !***

પ્રત્યેક પ્રભાત જિંદગીમાં નૂતન સંદેશ લઈને આવે છે, પરંતુ દિવસ બદલવાની વાત વિવિધ વ્યકિતઓના વિચાર, વલણ અને જીવન પ્રત્યેના અભિગમ પર નિર્ભર છે. આપણે જીવનની સમસ્યાઓને વારંવાર રટતા રહી જીવનને દુષ્કર બનાવીએ છીએ. અર્થહીન ચિંતા કરી આપણી માનસિકતાને નુકશાન કરીએ છીએ. જે પરિસ્થિતિ આપણી કાબુ બહાર હોય તેની ચિંતા વ્યર્થ છે, અનાવશ્યક છે.

માનવી ભવિષ્યના સપનામાં રાચે છે, નહીં તો ભૂતકાળને વાગોળે છે. ભૂતકાળની ભવ્યતાને વાગોળી ભવિષ્યના સ્વપ્નોમાં રાચનારો માનવી પારદર્શક જીવન જીવી શકતો નથી. હકીકતમાં માનવીએ વર્તમાન સાથે તાલ મેળવી જીવવું જોઈએ. આ અવસ્થાએ આપણે સ્વનો વિચાર છોડી સર્વનો વિચાર કરવો આવશ્યક છે. જીવનની પાનખરની સમી સાંજે આપણી વ્યથાઓનું રટણ કરીએ તો વેદના વધ્યા વગર રહેશે નહિ. મૃત્યુને ખભે લટકાવીને જીવતી વ્યકિતઓ જીવનમાં નૂતન કેડીઓ કંડારી શકે છે. આજે વૃધ્ધોને વૃધ્ધ તરીકે જોવામાં આવે છે અને યુવક દ્વારા વડીલોને 'તમારો જમાનો જુદો હતો, તમે નહીં સમજો.' એવા ઉપાલંભો કષ્ટદાયક બને છે. આવી અવસ્થામાંથી વૃધ્ધોએ પોતાનો માર્ગ શોધવો જ રહ્યો, સ્વમાનપૂર્વક જીવવાનો !

યુવાન મિત્રો, જે વડીલોએ તમારૂં લાલનપાલન કર્યું, જેની આંગળી પકડી તમો આગળ વધ્યા એવા અનુભવનો અનન્ય નીચોડ ધરાવતી વ્યકિતઓ સાથેનો આપનો ઉપરોકત વ્યવહાર ઉચિત છે ? આવતી કાલે તમારા બાળકો તમારી સાથે આવો વ્યવહાર કરશે તો તમને ગમશે ? સમય સાથે હમકદમ થઈ વિકાસ કરવો હશે તો વડીલો અને યુવાનોએ એકમેકને સમજવા પડશે અને સહન પણ કરવા પડશે. વૃધ્ધાશ્રમ કષ્ટદાયક છે અને સમાજનું કલંક છે. હકીકત છે કે પ્રશ્નો એકસરખા હોવા છતાં પેઢી જુદી હોય છે, જે જનરેશન ગેપને નામે ઓળખાય છે. દૃષ્ટિભેદ થકી આમ બનવા પાછળ આજુબાજુનું વાતાવરણ, વૈચારિક ભૂમિકા, માનસિકતાનું સ્તર અને હકારાત્મક કે નકારાત્મક અભિગમ કારણભૂત હોય છે.

બંધ પડેલી ઘડીયાળ દિવસમાં બે વાર સાચો સમય બતાવે છે એ રીતે વિચારતાં કોઈ વ્યકિત આપણાં કરતાં અલગ વિચાર ધરાવે છે, તેવા ખોટા કે પ્રત્યાઘાતી અભિપ્રાય બાંધનાર જીવનમાં ઘણું ગુમાવે છે. હકીકતમાં એ કુંઠિત બુધ્ધિના જ કહેવાય. સંબંધમાં તિરાડ પડવાનું મુખ્ય કારણ ખોટી દિશામાં થતી આપણી વિચાર પ્રક્રિયા છે. માનવી અન્ય વ્યકિતના ગુણદોષો પર વિચારે છે. પરંતુ પોતાના વિશે વિચારતો નથી. બીજી વ્યકિત વિશેનો આપણો દુરાગ્રહ કે હઠાગ્રહ આંતરિક સંબંધોને અસ્તવ્યસ્ત અને કલુષિત કરે છે. મનુષ્ય માત્રમાં રહેલું મમત્વ વ્યકિત વિકાસ આડેનું મહત્વનું પરિબળ છે. ધૂમકેતુએ કહ્યું છે કે, 'મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી વિચારે તો અર્ધુ જગત જન્નત થઈ જાય.' કોઈ પણ વ્યક્તિ ક્યારેય ખરાબ હોતી જ નથી, આપણી અપેક્ષા જ વધુ હોય છે, અથવા વિપરિત સંજોગો કે સમયનો સાયો હોય છે.

કવિવર ટાગોરે કહ્યું છે કે, 'તમારી આસપાસનો દરિયો ઝઘડાખોર ઉન્માદોના ઊંચા મોજા થકી તોફાની બન્યો છે. ન્યાત, જાતને સંપ્રદાયના ભેદભાવ, ધિક્કારભર્યો આકાર ધરી રહ્યો છે. જીવનમાં દરેક પાસાને પ્રદુષિત કરી રહ્યો છે, ઉપાય નહિ કરીએ તો આપણે ઊંડી ગર્તામાં ધકેલાઈ જઈશું.' આજનો માનવી પોતાની રીતે પ્રયત્ન કરી આગળ વધવા કરતાં બીજાની લીટી ટૂંકી કરી આગળ વધવા માગે છે, એમ કરવામાં સાધનશુધ્ધિ અને સમજણ શકિતને વિસારે પાડે છે.

સત્તા અને ખુરશી માટે માનવી ભૂંરાટો થયો છે. કારણ તેની પાછળ અઢળક સંપત્તિ આવે છે, જે સંબંધ અને વિચારસરણીમાં આમૂલ પરિવર્તન લાવે છે. ટૂંકમાં જીવનને ઉર્ધ્વગામી બનશે એવા વિચારો સ્વીકારી જીવન ઘડતર કરવું જોઈએ ! મિત્રો દરેક વ્યકિતને પોતાનું ધ્યેય અને સ્વપ્ન હોઈ શકે છે, જે પામવા સાચી દિશામાં પ્રયત્ન કરે તેમાં કોઈ વાંધો ન હોઈ શકે. પરંતુ તેને સાકાર કરવા સાધનશુધ્ધિ ન સાચવે તો અંતે ઘર, સમાજ અને દેશને નુકશાન કરે. આવા પ્રયત્નો ચોકકસપણે આત્મઘાતક નીવડી શકે ! ચિંતન અને મનન જરૂરી નથી લાગતું ?

***જીવનમાં હજારો સૂરજને મેં જોયા છે ઉગીને આથમતા,***
***પ્રત્યેક ઉષાને પુછયું છે શું આજ દિવસ બદલાઈ જશે ?***

**☐ સંપાદક સમિતિ**

---

## શ્રી પાટણ જૈન મંડળ જીવન સૌરભ સમિતી આયોજિત

**શ્રીમતી ચંદ્રિકાબેન રજનીકાંત શાહ (ડીસાવાળા) કોકાનો પાડો પ્રેરિત**

## શ્રી ગિરનારજી યાત્રા પ્રવાસ

પાટણ સમાજના વરિષ્ઠ સભ્યો માટે તા. ૨૧-૦૨-૨૦૧૪ થી તા. ૨૫-૦૨-૨૦૧૪ દરમિયાન યોજાયેલ યાત્રા પ્રવાસનું આયોજન અંતમ તબક્કામાં છે.

**મંગલ પ્રસ્થાન : મંગળવાર, તા. ૨૧-૦૨-૨૦૧૪ ● શુભ આગમન : શુક્રવાર, તા. ૨૫-૦૨-૨૦૧૪**

● **ખાસ નોંધ :** વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દરેક યાત્રિકે વાન્દ્રા સ્ટેશને સાંજે ૪-૦૦ વાગે પહોંચવું અને વાંદ્રા સ્ટેશનથી જ બેસવું ફરજિયાત છે.

● પ્રવાસમાં જોડાયેલ યાત્રિકોને વિગતવાર માહિતી ટૂંક સમયમાં મોકલી આપવામાં આવશે.

# પરા'જય'માં જ છે 'જય'...!

આજનાં યંત્રયુગમાં સ્પર્ધાડૂબ બનેલ આપણે જીતવાની દોડમાં એટલા આગળ વધી ગયા છીએ કે હારને ગરિમાપૂર્વક સ્વીકારવી, ખુમારીથી ઝીલવવી સમજ્યા જ નથી....! પોતાની વ્યક્તિની આથે નમતું જોખવામાં, હારવામાં પણ જીતનો અનુભવ આપણે સહુએ ક્યારેક ને ક્યારેક તો કર્યો જ હશે, પરંતુ જીવનમાં ક્યાંક નાની સરખી હાર થઈ કે તરત નિરાશા, હતાશા, નકારાત્મક અભિગમ અને ક્યારેક તો છેક આત્મહત્યા સુધી વાત વણસી જાય છે.

આજે આત્મહત્યાનો આંક સહુથી સવિશેષ યુવાપેઢીમાં જ દેખાય છે. કારણ કે જેવી કોઈ નાનીશી હાર થઈ કે ફેંકી દો આ મહામૂલો માનવભવ....! પરીક્ષામાં નાપાસ થયા તો આત્મહત્યા, પ્રેમમાં નિષ્ફળ થયા તો આત્મહત્યા, ઘરમાં પરિવારજનો સાથે નાનો-મોટો ક્લેશ થયો તો આત્મહત્યા, નોકરી-વ્યવસાયમાં અસફળતા તો આત્મહત્યા.

જે જીવન અનંત અનંત પુણ્યનો ઉદયે મળ્યું છે એ આજે માનવને શુષ્ક અને શુન્ય લાગી રહ્યું છે. જે ખરેખર અનન્ય છે તેને ફેંકી દેવાની આટલી ઉતાવળ શા માટે ? ઈશ્વરે આપણને ખામીરહિત સુડોળ સુંદર શરીર આપ્યું છે, તીવ્ર બુદ્ધિયુક્ત મગજ આપ્યું છે, લાગણીથી ભર્યું હૈયું આપ્યું છે, આવી સર્વત્રસુંદર જીંદગી આપી છે. એને ખોટો વલોપાત કરીને આપણે વેડફી નાંખીએ છીએ. ઈશ્વરે આપણામાં જે વિશ્વાસ મૂક્યો છે એનો ભંગ કરી રહ્યા છીએ. પરમાત્મા જીવનમાં અઢળક આપે છે, પણ એ મળશે જ એવી શ્રધ્ધાથી આપણે ખોબો ધરીને ઊભા જ રહીએ છીએ. કોઈ હાર એવડી મોટી નથી કે સમગ્ર અસ્તિત્વ પર છવાયેલી રહે. દરેક ઘટનાને સમગ્ર જીવનનાં સંદર્ભમાં જોવી જોઈએ. દરિયામાં કમોસમનું તોફાન આવી ચડે તેમ જીવનમાં અણધારી આંધી પણ ફુંકાય. તેથી કંઈ સફર થોડી થંભાવી દેવાય ? ચોપાસ આનંદનો અફાટ ઊદધિ ઊછળી રહ્યો છે એને પામવાની જરૂર છે. જે આખી જીંદગી માત્ર એક જ વાદળને તાકી તાકીને જોયા કરે છે, એને ક્યારેય અસીમ આકાશનો અનુભવ થતો નથી.

નાનપણથી જ બાળકને શીખવાડવામાં આવે છે કે ''જો તારે વર્ગમાં પ્રથમ નંબરે જ પાસ થવાનું છે.'' ''આ વક્તૃત્વ સ્પર્ધામાં તો તારે જ જીતીને પ્રથમ વિજેતા બનવાનું છે.'' ''આ વર્ષે તો તારે સી.એ. ક્લીયર કરવું જ જોઈએ.''- વિગેરે વિગેરે. પોતાનાં સપનાંઓને બાળકની આંખોમાં ભરનાર માતાપિતા એ કેમ વિસરી જાય છે કે સપનાં જોવાની મનાઈ નથી, પરંતુ એ વાસ્તવિક્તામાં પરિવર્તિત થાય જ એવો દુરાગ્રહ ખોટો છે. જો બાળક તે શમણાંઓને સાકાર ના કરી શકે તો તેના બાળમાનસ પર ગંભીર અસર પડે છે. તો જીવનભર પોતાને looser, good for nothing માની લઘુતાગ્રંથીથી પીડાય છે.

સદાય જીતવું એવો જ હઠાગ્રહ રાખનાર એ કેમ ભૂલી જાય છે કે પરાજયમાં પણ 'જય' જ છે. ભાગ લેવો, પ્રમાણિકતાપૂર્વક જીતવાનો પ્રયત્ન કરવો આવશ્યક છે પણ વિજેતા તો માત્ર કોઈક એક જ બની શકે. હારનારે ખેલદિલીપૂર્વક જીતનાર વ્યક્તિને અભિનંદન આપવા જોઈએ અને ભવિષ્યમાં પોતે પણ વિજેતા બને એવા પુનઃ પ્રયાસ કરવા જોઈએ. ક્રિકેટ ટુર્નામેન્ટમાં કેટલી પણ ટીમો રમે પરંતુ વિજેતા ટ્રોફી માત્ર કોઈ એક જ ટીમને મળી શકે, મિસ યુનિવર્સ સ્પર્ધામાં કેટલાય દેશોની સુંદરીઓ ભાગ લે પણ સામ્રાજ્ઞી તો કોઈ એક જ યુવતી બની શકે.

શ્રધ્ધાભર્યો અભિગમ સૂર્યોદય વહેલી કરી શકતો નથી, પરંતુ એ અંધકારમય રાત્રિને ટૂંકી બનાવી શકે છે. નિયતિ નક્કી કરે છે કે આપણે કેવા સંજોગોમાંથી પસાર થવું, આપણે એ નક્કી કરવાનું છે કે આપણે કેવી રીતે પસાર થવું ! સામાન્ય માનવીને આરસપહાણમાં શીતળતા અનુભવાય પણ શિલ્પકારને એમાં કોઈક મૂર્તિના દર્શન થાય છે, કારણ કે પથ્થરને પ્રતિમામાં કંડારવાનું કૌશલ્ય એનામાં છે.

દરેક રાત કોઈ પૂનમની રાત હોવાની નથી, જે નૌકામાં નદી પાર કરી રહ્યા હોઈએ, એ તોફાનોથી હંમેશા મુક્ત રહેવાની નથી. જીવન-ઝરણું સમતલ ભૂમિમાં વહેવાની કોઈએ ખાતરી આપી નથી. જેને ખરેખર કાંઈ કરી બતાવવું છે એને કદી હાર નડતી નથી. ઇતિહાસના પાને નોંધાયેલ એવા ક્યા મહાપુરુષોનાં માર્ગ ઉપર માત્ર મુલાયમ બગીચાઓ પથરાયેલા હતા, કોઈ કહેશો ?

કોઈ પણ પરાજય અંતિમ હોતો નથી. વિપરીત પરિસ્થિતિમાં જ માનવીની શક્તિ ખીલી ઉઠે છે. જ્યારે તમને બધું જ તમારી વિરુદ્ધ જતું લાગે ત્યારે પણ તમે ડગી ના જશો. સંભવ છે કે ત્યાંથી જ દુર્ભાગ્યનો અંત અને સદભાગ્યનો આરંભ થઈ રહ્યો હોય. હાર આંતરદર્શનનો અમૂલો અવસર આપે છે, આત્મપરખ અને દિશાદર્શન આપે છે. કાંઈક અવનવું, અજુગતું, અણધાર્યું, અણગમતું બને તો તેને મનની કેળવણીની ઉત્તમ તક માનવી. જો બુધ્ધિ, હિંમત, દૃઢનિશ્ચય અને અથાગ પરિશ્રમપૂર્વક, ભગવાનમાં અડગ શ્રધ્ધા રાખીને એક એક ડગલું માંડીએ તો જીવનયાત્રામાં આગળ વધી લક્ષ્યને સિદ્ધ કરી શકીએ.

જીંદગીમાં કંઈ જ અર્થ દેખાતો ન હોય તો તેમાં અર્થ ઉમેરી- સાર્થક બનાવવી એ જ માણસનું કર્તવ્ય છે. કહેવત છે ને- હાર્યો જુગારી બમણું રમે....! હારને પરાજયને એક પડકાર માની જીતનું લક્ષ્ય બાંધો. નામોશી હારવામાં નથી, કિંતુ હાર માની લઈ પુનઃ પ્રયત્નો ના કરવામાં છે.

*બને તો આપબળથી તું તરી જા તારો ભવસાગર,*
*કિનારા પર ડુબાડે છે ઘણાંય કિનારાઓ;*
*બધા ય જીતનારાઓ વિજેતા નથી હોતાં,*
*જીવનમાં દાવ જીતે છે ઘણા ય હારનારાઓ...!!*

□ **ઊર્વી જવેરી**


## અલ્પા મૅરેજ બ્યુરો

**આયોજિત**

**અપરિણીત યુવક યુવતીઓના પરિચય માટે ગેટ-ટુ-ગેધર**

આ કાર્યક્રમમાં પાટણના તથા અન્ય જૈન સમાજના યુવક-યુવતીઓ પણ ઉપસ્થિત રહેશે જેથી આપને પાત્ર પસંદગીની વિશેષ તક !

વધુ વિગતો માટે સંપર્ક : **શ્રીમતી અલ્પા શાહ**

મોબાઈલ : ૯૮૨૩૨ ૧૮૭૪૬ Email : alpashah5@yahoo.co. in

Advt.

વિનીત-રાજુલ ।। શ્રી શંખેશ્વર ઘીયા પાર્શ્વનાથાય નમઃ ।। Tel.: 28780553
નીરજ-નીલ : ૯૦૨૨૮૦૮૬૨૨ Mo.:9322931462

**પાટણનું શુદ્ધ ઘી તથા કુસુમ મસાલા મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ...**

**શાહ વર્ષા દેવેન્દ્રકુમાર**

**SHAH VARSHA DEVENDRAKUMAR**

**Dealers in : Stainless Steel Utensils, Pure Ghee of Patan**
**All Kind of Dry Fruits, Masalas, Spies & C.T.C. Tea**

59-10, Jawahar Nagar, 1st Floor, Opp. Jain Temple,
Road No. 4, Goregaon (West), Mumbai-400 062.

Advt.

## વાચકોના પત્રોમાંથી...✍

ડિસેમ્બર મહિનાનાં 'પ્રતિબિંબ' અંકનું પ્રથમ કવરપેજ અને છેલ્લું કવરપેજ ખૂબ જ સુંદર રીતે બનાવ્યું છે. અંદરનાં પાનાં કલરમાં લેવાથી અંક ખૂબ જ સરસ લાગે છે. અભિનંદન.

શ્રી પાટણ જૈન સમાજના પુણ્યોદયે દાતા પરિવારો તરફથી ખૂબ ખૂબ અમૂલ્ય દાનનો સહયોગ પ્રાપ્ત થાય છે તે અનુમોદનીય છે.

**શ્રી પ્રવિણચંદ્ર કેસરીચંદ શાહ**ની સ્મૃતિમાં–તુષારભાઈ અને જયેશભાઈ તરફથી મળેલ આ દાન મારી ધારણા મુજબ પાટણના ઇતિહાસમાં પ્રથમવાર મળેલ એક સાથેની મોટી રકમ, એક જ સમયે, તે પ્રશંસનીય છે.

શ્રીમતી પન્નાબેન સોનાવાલાના અવસાન નિમિત્તે મળેલ દાન પણ સમાજ માટે એક આવકારદાયક ઘટના છે.

આપ સૌને મારા તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

**☐ શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

## અનુમોદના

આદરણીય ધર્મપ્રેમી **પૂ. પ્રવિણભાઈ**ના સ્મરણાર્થે તેમનાં સુપુત્રો **શ્રી તુષારભાઈ તથા શ્રી જયેશભાઈ** તેમજ તેમના પરિવાર તરફથી ૨૨ ડિસેમ્બર ૨૦૧૩ના શુભ દિને શ્રી પાટણ જૈન મંડળને એક કરોડ એક લાખ અગ્યાર હજાર એકસો અગ્યારનો ચેક આપીને એક રેકોર્ડ કર્યો છે.

**શ્રી પાટણ જૈન મંડળે** શતાબ્દિ વર્ષ દરમિયાન મંડળનાં પ્રમુખ તથા હોદ્દેદારોની મહેનતથી છેલ્લા ચાર પાંચ વર્ષમાં ડોનેશનનો આંકડો ન કલ્પી શકાય એટલો વધ્યો છે.

'પુણ્યથી મળેલું પરમાત્માને અપાય' આવું મેં પ્રવચનમાં સાંભળ્યું છે. કહેવાય છે ને કે પરસેવાથી પ્રાપ્ત થયેલો પૈસો પર-સેવામાં વાપરવાથી પરમાત્મા પ્રાપ્ત થાય છે.

પૂ. પ્રવિણભાઈ માટે હું એટલું જ કહીશ કે તેઓના સ્વભાવમાં સજ્જનતા હતી. સરળતા હતી. ધર્મમય-સેવામય જીવન જીવીને પૂ. પ્રવિણભાઈ આયુષ્યને મહોત્સવ બનાવી ગયા. અથાગ પરિશ્રમ, પ્રમાણિક્તા, પરગજુતા એ એમના જીવનની સફળતાનું સોનેરી સૂત્ર હતું.

પૂજ્ય પ્રવિણભાઈ કિર્તીના સોપાન ચડતાં ચડતાં ભવોભવનું ભાથું બાંધતા ગયા. **શ્રી તુષારભાઈ તથા શ્રી જયેશભાઈ** પરિવારે સંપત્તિનો સદઉપયોગ કરીને પરમાત્માને પ્રસન્ન કર્યા છે. સમાજનાં અનેક માણસો માત્ર પરીગ્રહ કરતાં હોય છે. પૈસાને જ પરમેશ્વર માને છે. પરંતુ આપે તો દાનની ભગીરથી વહેવડાવી છે. આવી સખાવત કરવા છતાં તેમનામાં લેશમાત્ર પણ અભિમાન નથી. માત્ર પ્રભુનાં મુનીમ થઈને સાદગીથી રહ્યા છે.

પૂર્વભવમાં કરેલ સુકૃતથી જે પુણ્ય બંધાયું તે ઉદયમાં આવતાં નવું સુકૃત કરવાનું મન થયું. તેની ખૂબ અનુમોદના. તેમણે માતબર રકમનું દાન કરીને માનવ જીવનને આંશિક સાર્થક કર્યું છે.

''કરણ, કરાવણ અને અનુમોદના સરીખા ફળ ઉપજાવે'' આવા શાસ્ત્ર વચન અનુસાર આપ દાન કરીને ઉત્તમોત્તમ લાભની પ્રાપ્તિ કરવાની સાથે આત્મ કલ્યાણાર્થે મોક્ષમાર્ગી બનો અને જૈન શાસનનાં શુભ કાર્યો કરો.

**☐ શ્રીમતી રાગિણીબેન ભરતભાઈ શાહ**

## ભ્રમણાના સુમન

*જીવન કંઈ સંપૂર્ણ સનાતન*
*સતત સદાબહાર હોતું નથી,*
*જિંદગી અતીતનો બોજ નથી!*
*આંતરમનને બહેલાવવાનો*
*ધબકતો ને સરકતો રોગ છે,*
*હૈયું ભરેલું કે હોય ખાલી!*

*છે અજાણી જીવનયાત્રા જિંદગી–*
*કવિએ ગઠીત કરેલા પુરાણા–*
*સૂર કે રાગ આલાપવાના નથી!*
*મુરઝાયેલું પુષ્પ ખરે ડાળથી,*
*અર્થ શોકનો કોઈ સરતો નથી.*
*ભલે માનવી હોય કે માળી!*

*ગીત કેરી ગહનતાને માણવા*
*સૂર્યાસ્ત તરફ ઝૂકતું જીવન,*
*આળોટે છાયાની સોનેરી ઝાંયમાં!*
*અવિરત પ્રેમ ઝંખતો માનવી,*
*સંવેદનાના પાન માટે નૈપથ્યે–*
*આંસુના સ્વર્ગે રોજ જન્મે છે!*

*વાયુના સુસવાટે ન ફંગોળાય–*
*તેથી જ આપણા પુષ્પને વીણવા–*
*ઉતાવળા પ્રયત્નોને આરંભીએ!*
*ચુંબનો નામશેષ થવાની બીકે,*
*આંખોમાં રાતી ટસરો તગતગે*
*હૈયું કણસે, ને પડઘાય!*

*આતુરતા સભર કામનાઓમાં–*
*ક્યાંક વિદાયનો ઘંટ વાગી જાય,*
*સમય સરી જાય સ્વપ્ન સંતાડી!*
*ટૂંકા જીવનમાં, અલ્પ પ્રેમ માટે,*
*અનંત આકાશે, નિત દોડતી જિંદગી–*
*વાત એમ ન અવગણાય!*

*સૌંદર્યની ચાહતને પૂર્ણપણે–*
*ન પામી શકવાનો વિશેષ રંજ,*
*શાશ્વત સ્વર્ગે સઘળું વિરમે છે!*
*તેથી જ તો ભ્રમણાના સુમનને–*
*મૃત્યુ સદૈવ તરો–તાજા રાખે છે,*
*વેદનાને વાચા હોતી નથી!*

**મ.ને.**

Advt

# સંસ્થાના શતાબ્દી સંભારણા રૂપે એક સિમાચિન્હ તરીકે પાટણ ખાતે કોલેજ શરૂ કરવા અંગેની રૂપરેખા *(સૂચિત)*

પાટણ ખાતે ફાટીપાળ દરવાજા બહાર આવેલ શ્રી પાટણ જૈન મંડળ વિદ્યાલય સંકુલમાં જુન-૨૦૧૪ થી આર્ટસ, કોમર્સ અને સાયન્સ ફેકલ્ટીની કોલેજ શરૂ કરવા યુનિવર્સિટીની મંજુરી માટે નિયમાનુસાર અરજી કરેલ છે, જેની માન્યતા મેળવી નીચે દર્શાવેલ રૂપરેખા પ્રમાણે કાર્યારંભ કરવાનું વિચારણા હેઠળ છે.

૧. આ કોલેજ સંપૂર્ણપણે શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત રહેશે. તેમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ એમ ત્રણે ફેકલ્ટી રહેશે. પ્રારંભિક તબકકે કોલેજનું પોતાનું મકાન તૈયાર થાય ત્યાં સુધી (એટલે કે ત્રણ વર્ષ માટે) ત્રણે ફેકલ્ટીના એક-એક વર્ગ શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયના મકાનમાં શરૂ કરવામાં આવશે.

૨. અ) શ્રી પાટણ જૈન મંડળના નેજા હેઠળ કોલેજનો વહીવટ સ્વતંત્ર રીતે કલમ નં.૪ પ્રમાણે રચાયેલ 'સંચાલન સમિતિ' કરશે. કોલેજના વહીવટી તથા પ્રાથમિક ખર્ચાઓ માટે સંચાલન સમિતિના પ્રત્યેક સભ્ય જરૂરિયાત મુજબ પાંચ વર્ષમાં રૂપિયા પચ્ચીસ લાખનું દાન  આપશે. આ આપેલ દાનની રકમ ભવિષ્યમાં કોલેજની અન્ય યોજનામાં સંચાલન સમિતિના સભ્ય લાભ લેવાનો નિર્ણય લે ત્યારે તેમને તે રકમ મજરે મળશે. તારીખ ૩૧-૦૩-૨૦૧૫ સુધીમાં સંચાલન સમિતિમાં જોડાયેલ **દાતા સભ્ય ફાઉન્ડર મેમ્બર ગણાશે.** તે બાબતની તેમના ફોટા સાથે કોલેજ સંકુલમાં યોગ્ય જાહેરાત કરાશે.

સંચાલન સમિતિના ઉપર્યુકત દાતા સભ્યો શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યો હશે. આ પ્રોજેકટ માટે રૂપિયા પચ્ચીસ લાખનું દાન આપનાર પરિવારના બે સભ્ય શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના કાયમી સભાસદ થઈ શકશે. **કોઈપણ અપેક્ષા વગર નિ:સ્વાર્થ ભાવે દાતાઓ આ કોલેજ પ્રોજેકટમાં તન-મન-ધનથી જોડાશે.**

(બ) શ્રી પાટણ જૈન મંડળના સભ્ય ન હોય તેવા બહારના દાતાઓ પાસેથી નકકી કરેલ રકમનું દાન મેળવી શકાશે. પરંતુ આવા દાતા ફકત કલમ નં.૫ પ્રમાણેના સલાહકાર સમિતિઓના સભ્ય થઈ શકશે.

૩. કોલેજ માટે પ્રાપ્ત થયેલ દાનની રકમ તેમજ તેના વહીવટ માટે શ્રી પાટણ જૈન મંડળના નામે સ્વતંત્ર બેન્ક એકાઉન્ટ ખોલવામાં આવશે. **સંચાલન સમિતિ** નકકી કરે તે સભ્યો આ બેન્ક એકાઉન્ટ ઓપરેટ કરશે.

૪. અ) સંચાલન સમિતિમાં પ્રથમ ૧૫ વર્ષ માટે કલમ નં.૨ (અ) પ્રમાણેના દાતા સભ્યો રહેશે.

(બ) (i) સંચાલન સમિતિ ઓછામાં ઓછા ૫ અને વધુમાં વધુ ૧૫ સભ્યોની રહેશે.

(ii) સંચાલન સમિતિના પ્રથમ ૧૫ વર્ષ પુરા થયા પછી એટલે કે સને ૨૦૨૯ માં શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિ દ્વારા નવી સંચાલન સમિતિનું ૩ થી ૬ વર્ષ માટે ગઠન કરવામાં આવશે. નવી સંચાલન સમિતિમાં જુની સંચાલન સમિતિમાંના સભ્યોની પુનઃ નિમણુંક કરી શકાશે,

૫. સંચાલન સમિતિ દરેક નિર્ણયો સ્વતંત્ર રીતે લઈ શકશે અને તે પ્રમાણે કાર્યવાહી પણ હાથ ધરશે. જરૂર જણાયે તેઓ પેટા સમિતિઓ રચી શકશે અને સ્થાનિક કક્ષાએ સલાહકાર સમિતિઓ નીમી શકશે. સંચાલન સમિતિ પોતાના સર્વ નિર્ણયોની જાણ શ્રી પાટણ જૈન મંડળને કરશે અને તેમાં કોઈ મહત્વના સૂચન કે ફેરફાર હોય તો ચર્ચા વિચારણા બાદ તેનો અમલ યોગ્ય રીતે કરાશે.

૬. સંચાલન સમિતિમાં મંડળના પ્રમુખ હોદ્દાની રૂએ એક સભાસદ રહેશે. ઉપરાંત શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિમાંથી ત્રણ સભ્યો સંચાલન સમિતિમાં નિમાશે. આવા નિમાયેલા સભ્યોમાં દર ત્રણ વર્ષે નવી વ્યવસ્થાપક સમિતિના ગઠન બાદ ફેરફાર કરી શકાશે.

૭. શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત ઉકત કોલેજની ત્રણેય ફેકલ્ટીઓના નામ અને કોલેજ સંકુલનું મુખ્ય નામ આપવા માટેની

સખાવતની રકમો ઉપરાંત બીજા ફંડ માટે જુદી જુદી સ્કીમો દ્વારા ફંડ મેળવવાનું આયોજન મંડળની વ્યવસ્થાપક સમિતિની મંજુરીને આધીન સંચાલન સમિતિ વખતોવખત કરશે. અને તે અંગેની પાટણ પ્રતિબિંબ દ્વારા કે અન્ય રીતે યોગ્ય જાહેરાત કરવામાં આવશે.

૮. આ કોલેજ પ્રોજેકટ માટે તેની લાંબા સમયની જરૂરીયાતને અનુલક્ષીને નવા મકાનની રચના કરાશે. સંચાલન સમિતિ દ્વારા તેના બાંધકામ અને અન્ય જરૂરિયાતોના સંપૂર્ણ ખર્ચની ગોઠવણ કરી મંડળની વ્યવસ્થાપક સમિતિની મંજુરી મેળવ્યા બાદ નૂતન મકાનનું બાંધકામ હાથ ધરશે.

૯. સુચિત કોલેજ અંગેનું ડોનેશન શ્રી પાટણ જૈન મંડળના નામે લેવામાં આવશે અને તેની જરૂરી રસીદો તેમજ ૮૦ જી સર્ટીફીકેટ મંડળ આપશે.

૧૦. સુચિત કોલેજના મકાન, સાધનો, લેબોરેટરી, તેમજ સઘળી જરૂરિયાતો સંચાલન સમિતિ સ્વતંત્ર રીતે શ્રી પાટણ જૈન મંડળના નેજા હેઠળ સંભાળશે. કોલેજનો કેપીટલ કે વહીવટી ખર્ચનો કોઈપણ બોજો મંડળ પર ન આવે તેની તકેદારી સંચાલન સમિતિ રાખશે.

૧૧. શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત વિવિધ સહાયક યોજનાઓ દ્વારા પાટણ સમાજના કુટુંબોને વધુ સહાયરૂપ થઈ શકાય તેવા શુભ આશયથી સંચાલન સમિતિ અને મંડળના મુખ્ય હોદ્દેદારો સાથે મળી દર વર્ષે કોલેજના આવક-જાવક તપાસી થનાર વધારામાંથી લગભગ ૩૦ થી ૪૦ ટકા જેટલી રકમ મંડળના સમાજ વિકાસ ફંડમાં ફાળવશે.

**નીચે દર્શાવેલ દાતા પરિવારના પ્રતિનિધીઓએ સંચાલન સમિતિમાં જોડાવા ઈચ્છા દર્શાવી છે.**

૧. શ્રી પ્રદીપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)

૨. શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ (ચિતારાની ખડકી)

૩. શ્રી અતુલભાઈ રસિકલાલ શાહ ( ઢંક મહેતાનો પાડો)

**ઉપરોકત કોલેજ સંચાલન બાબતમાં રસ ધરાવનાર દાતાઓને તાત્કાલિક મંડળનો સંપર્ક કરવા વિનંતી છે.**

**❑ શ્રી પાટણ જૈન મંડળ**

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોનઃ(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

**પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

advt

## સમાચાર સંકલન

### શ્રી રાજકાવાડા જૈન સભા સંઘ પાટણ

નિશાળનાપાડાના ખાંડવાળા જૈન ઉપાશ્રયમાં અગણિત વર્ષો પછી પાટણ નગરીના પનોતાપુત્ર- પરમાત્મભક્તિ રસિક ૧૫મા વર્ષીતપના આરાધક **પ. પૂ. આચાર્યદેવ શ્રી રાજચંદ્રસૂરિજી મ.સા.** આદિ ઠાણા તા. ૧૮-૧૨-૨૦૧૩થી ૨૦-૧૨-૨૦૧૩ સુધી ત્રણ દિવસના મીની પર્યુષણ જેવા ભક્તિભાવભર્યા શ્રી યંત્ર પૂજન માટે પધાર્યા હતા. ૨૦૦ જેટલા ભાવિકોએ આ પૂજનનો લાભ આધી, વ્યાધિ, ઉપાધિ ટાળતો અંતઃકરણપૂર્વક બહુ જ ધર્મમય ભાવથી શ્રી નવકારમંત્રના જાપ સાથે માણ્યો હતો. પાંચ દેરાસરની સવારમાં ચૈત્રપરીપાટી અને ભક્તામર પાઠ વાજતે ગાજતે પાટણના જૈન દેરાસરવાળા મહોલ્લામાં અસંખ્ય લોકોએ લીધા હતા. ત્રણ દિવસની સાધર્મિક ભક્તિ અને સંઘ પૂજનનો લાભ બધાએ સાથે મળી ધાર્મિક ઉલ્લાસ સાથે ઉજવ્યો હતો.

### અભિનંદન

● પાટણ કનાસાના પાડાના, હાલ વિલેપાર્લે સ્થિત **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ** (માટલીવાળા)ને જૈન પત્રકાર સંઘ તરફથી તા. ૨૪-૧૨-૧૩ ક્ષેત્રપાલ અતિથીગૃહ, ગીરગામ ખાતે યોજાયેલ સમારંભમાં શ્રીમતી કોકીલાબેન નવિનચંદ્ર ડી. શાહ, પાલનપુરના સૌજન્યથી વિશિષ્ટ પત્રકાર દ્વિતીય ક્રમાંકનો એવોર્ડ એનાયત થયેલ છે. તે બદલ તેમને સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન. પત્રકારીત્વ ક્ષેત્રે તેઓ નિતનવા શિખરો સર કરે એવી હાર્દિક શુભેચ્છા.

● પાટણના ભાભાના પાડાના શ્રી વિક્રમભાઈ બિપિનચંદ્ર શાહ તથા શ્રી પીનાકીન ચંદ્રકાંત શાહે **'સ્ટાઇલ રાઇટ ઓપ્ટીકલ ઇંડસ્ટ્રીઝ'** વતી સને ૨૦૧૨-૧૩ તથા સને ૨૦૧૩-૧૪ વર્ષનો **ટોપનો એક્ષપોર્ટ એવોર્ડ** તા. ૨૦-૧૨-૧૩ના રોજ હોટેલ લલિત પ્લાઝા, સહાર ખાતે સુપ્રીમ ઇન્ડસ્ટ્રીઝ લિ.ના મેનેજીંગ ડાયરેક્ટર મી. એમ.પી. ટપારીયાના વરદ હસ્તે પ્રાપ્ત કરવા ઉપસ્થિત રહેલ. તેમની સિધ્ધિને બિરદાવતા સંસ્થા તરફથી અભિનંદન. ઉપરોક્ત કંપનીને સને ૨૦૧૦-૧૧ તથા ૨૦૧૧-૧૨નો એક્ષપોર્ટ એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે.

## શ્રી ભાભાપાર્શ્વનાથ પંચાન્હિકા મહોત્સવ

પરમતારક પરમાત્મા શ્રી ભાભાપાર્શ્વનાથ ભગવાનની શીતલ છાયામાં ગત ડિસેમ્બર ૨૩ થી ૨૭ તારીખ દરમ્યાન પ્રભુભક્તિ પંચાન્હિકા મહોત્સવ ખૂબ ધામધૂમપૂર્વક ઉજવાયો. પાટણ બહાર વસતા મહોલ્લાવાસીઓ ૫ દિવસ અત્રે પધાર્યા હતા.પૂ. આ. ભગવંત શ્રી પ્રદ્યુમ્નવિમલસૂરીશ્વરજી મ. સા.ના ૭ શિષ્ય પરિવારની નિશ્રામાં ઉજવાયેલ આ મહોત્સવે પ્રભુભક્તિ, જીવદયા, સાધર્મિક, જાપ-ધ્યાન અનુષ્ઠાનમાં ઉપસ્થિત ભક્તજનોએ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો. વિધિપૂજનો, રથયાત્રા, રાત્રિભાવના અને સાંસ્કૃતિક પ્રોગ્રામની સાથે સાથે આ મહોત્સવે બે વિશિષ્ઠ આયોજનો કરાયા હતા.

**૧. શ્રી પાર્શ્વનાથ ભગવાનના જાપ :** શ્રી પાર્શ્વનાથ ભગવાનના કલ્યાણક મહોત્સવને અનુલક્ષીને ૧ લાખ ૮ હજાર શ્રી પાર્શ્વનાથ ભગવાનના જાપ રખાયા હતા. જેમાં જૈન રચનાની આકર્ષક રંગોળીઓ, ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનનો વિશાળ પટ્ટ તથા શ્રી પાર્શ્વનાથ ભગવાન પર દૂધનો પ્રક્ષાલ થતી રચના સહીત ધૂપની સુવાસ પ્રસરાવતા વિશાળ ખંડમાં પાટણ શહેરના ભક્તજનોએ પધારી ૫ દિવસમાં લગભગ ૪.૫૦ લાખની સંખ્યામાં જાપ કર્યા હતા. સમગ્ર વાતાવરણ ધર્મમય દીસતું હતું.

**૨. ભવ્યાતિભવ્ય મહાપૂજા :** ૨૭-૧૨-૧૩ના રોજ ભવ્યાતિભવ્ય મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર જિલ્લામાં લાઈટીંગ દ્વારા રોશની તથા સંગીતના તાલે ભાંગડા, પ્રાદેશીક ગુજરાતી ગરબા તથા મધુર ડાન્સ... લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. મહોલ્લામાં અભૂતપૂર્વ શણગાર, નરકની યાતનાનું ભાન કરાવતી લાઈવ રચના ખંડ, રંગબેરંગી ફૂલો દ્વારા જિનાલયનો બેનમૂન શણગાર તેમજ પ્રાચીન પ્રતો, છોડ અને ધાર્મિક ઉપકરણો લોક દર્શનાર્થે રખાયા હતા. પાટણ શહેરની જૈન તેમજ જૈનેતર પ્રજાની આજની આ મહાપૂજાના દર્શનાર્થે લાઈન લાગી હતી. આ દશ્ય પાટણના પ્રાચીન જૈન કલ્ચરની યાદસમું હતું. આ પંચાહ્નિકા મહોત્સવ સર્વના સાથ સહકારથી ખૂબ જ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો. છેલ્લા દિવસે મહોત્સવનો સંપૂર્ણ આર્થિક લાભ લેનાર શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ પરિવારનું બહુમાન કરાયું હતું.


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ** ●

ADVT

નિશાળના પાડાના (હાલમાં ઝવેરીવાડો) **સ્વ. હસુમતીબેન** તેમ જ **સ્વ. મોહનલાલ કચરાચંદ શાહ**ના પૌત્ર તથા સુશ્રાવિકા અ. સૌ. ભાવનાબેન તથા પ્રકાશભાઈ મોહનલાલ શાહના આત્મજ મુમુક્ષુ **ભાવિકની** મહામંગલકારી પ્રવજ્યા પ્રસંગે સકળ શ્રી સંઘને ભાવભર્યું આમંત્રણ પાઠવે છે.

શ્રી પાટણ જૈન મંડળ ચિ. **ભાવિકના** શાસન શરણ અને શણગારનો માર્ગ શુભ, સફળ અને સંકટરહિત રહે તેવી હાર્દિક શુભેચ્છા પાઠવે છે. અને તેમની અનુમોદનાર્થે આમંત્રણ પત્રિકામાં આપેલ સ્મૃતિ સંવેદના અત્રે પ્રકાશિત કરેલ છે.

**પાવન નિશ્રા : પ.પૂ.આ.ભ.શ્રીમદ યુગભૂષણ સૂરીશ્વરજી મ. સા.**

**વર્ષીદાન વરઘોડો : મંગળવાર તા. ૧૧-૦૨-૨૦૧૪. દીક્ષાગ્રહણ : બુધવાર તા. ૧૨-૦૨-૨૦૧૪**

**પ્રતિષ્ઠા : ગુરુવાર તા. ૧૩-૦૨-૨૦૧૪**

**મહોત્સવ સ્થળ : શ્રી ગીતાંજલિ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, સાંઈબાબા નગર, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૯૨.**

# સ્મૃતિ સંવેદના

## માતા-પિતાની મહેચ્છા

પુત સપુત થતાં માવતરની આશાના મિનારા બંધાય. ચિ. ભાવિક IITમાં રજત ચંદ્રક સાથે કેમિકલ એન્જિનિયર થયો. જૈન ધર્મની રાસાયણિક પ્રક્રિયા સર્જાતા તેનામાં અદ્‌ભુત પરિવર્તનનો પણ સંચાર થયો. વ્યવહારિક Silver Medalist માંથી આધ્યાત્મિક Gold Medalist બનવાના તેના વિચારોની વાચાને અમોએ સહર્ષ વધાવી લીધી. સમય અને સંજાગ તેને આધિન થયા. અમોને પ્રાપ્ત ન થયેલ સુવર્ણ અવસર તેના ભાગ્યમાંથી અમો કેવી રીતે છીનવી લઈએ ?

અવ્વલ નંબરના થનગનતા સાહસિક અને આગમસૂત્ર પ્રત્યેની લાગણીવાળા પુરુષાર્થી જીવને જિન-શાસનને ચરણે અને શરણે સોંપવા અમો કૃતનિશ્ચયી બન્યા. આગમસૂત્ર વાંચી, કંઠસ્થ કરી જીવનમાં અપનાવી અનુસરવાની તારી અદમ્ય તાલાવેલી અમોએ તારામાં અતિ નિકટથી નિહાળી છે. આ જ આગમસૂત્રના અભ્યાસી બની આત્મ-કલ્યાણની ઈન્સ્ટિટ્યૂટમાં સુવર્ણ ચંદ્રક ધારક બને એવી અદમ્ય અમારી ખેવના છે. આગમસૂત્રને સુકાન બનાવી ગુરુભગવંતને સોંપતાં તું આજન્મા બનીશ. માવતરને નાતે તું અમારો ઉદ્ધાર કરે તેવી અમારી મહેચ્છા છે. સાંસારિક વ્યવહાર અંતર્ગત થયેલ સ્વાભાવિક મનદુઃખ માટે અમો મિચ્છામિ દુક્કડમ્ વાંછીએ છીએ ! જિનાજ્ઞાનું સદૈવ પાલન કરી, ગુરુભગવંતોની સેવા કરી તારો સંયમ પંથ ઊજાળી શાસન શોભામાં અભિવૃદ્ધિ કરજે.

## ભાઈ-ભાભીની અંતરેષણા

નામ સંજ્ઞાને પરિણામે અમો તારા ભાઈ-ભાભી સમરીત કે નિર્ઝરી છીએ, છતાં ચારિત્ર ગ્રહણે પરિણામે તું કર્મ નિર્જરા કરી સમકીતથી એક કદમ આગળ રહ્યો છે. અલ્પ સમયની તારી સંયમ ભાવનાનો પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રસાસ્વાદ અમો અનુભવી રહ્યા છીએ ! બચપનમાં સાથે રમેલી રમત-ગમત અને ભણતરની પ્રત્યેક ક્ષણની અમોને સતત યાદ આવતી રહેશે, પરંતુ વર્તમાનની તારી ઉત્કૃષ્ટ સંયમ ભાવનાની અમો હૃદયપૂર્વકની અનુમોદના કરીએ છીએ.

આત્મકલ્યાણના પંથે તારા માવન-જીવનનો તેં ઉદ્ધાર કર્યો, પરંતુ લાગણી કે મોહિનીને પરિણામે આંતર-ચક્ષુ અને નયનોમાં અશ્રુવહન થશે. મોહરાજાને પરાસ્ત કરવા અમને તારા માર્ગ અને સાથની આવશ્યકતા રહેશે. ગુરુબંધુ તરીકે મારી તને વિનંતી છે કે માતા-પિતાની ચિંતા અમારા પર છોડી તું શાસનની સેવા અને પ્રભુ ભક્તિમાં લીન રહેવા ગુરુદેવની આજ્ઞાનું પાલન કરજે. અમારા સર્વેના કલ્યાણાર્થે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તું અમારો માર્ગદર્શક બની રહે. તારી ભાવનાનું પ્રેરક બળ અમારું જીવન બળ બની રહે તેવી પરમ તારક પરમાત્માને પ્રાર્થના. તારો પંચમપદનો માર્ગ શાશ્વત અને કંટકરહિત રહે તે જ અભ્યર્થના !


**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય:મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

| | જીવદયા | | જીવદયા | ઘાસચારો | નિભાવ ફંડ |
|---|---|---|---|---|---|
| શાંતિલાલ પોપટલાલ ચેરિટેબલ ટ્રસ્ટ | ૧૨૫૦૦૦.૦૦ | શ્રી વાલકેશ્વર સ્થાનકવાસી જૈન સંઘ | ૧૧૦૦૦.૦૦ | — | — |
| મે. એમ. ટી. માદન એક્સપોર્ટ | ૪૧૦૦૦.૦૦ | મે. એમ. ટી. માદન એક્સપોર્ટ | ૫૧૦૦૦.૦૦ | — | — |
| શ્રી. એસ. એમ. જૈન સંઘ અંધેરી | ૧૬૦૦૦.૦૦ | શાંતિલાલ પોપટલાલ ચેરિટેબલ ટ્રસ્ટ | ૧૫૧૦૦૦.૦૦ | — | — |
| શ્રીમતી શર્મીબેન વિક્રમભાઈ પટવા | ૧૦૦૦૦.૦૦ | જવાહર નગર જૈન શ્વેતાંબત મૂર્તિપૂજક સંઘ | ૫૧૦૦૦.૦૦ | — | — |
| શ્રીમતી વિમળાબેન પ્રેમચંદભાઈ શાહ | ૧૧૦૦૦.૦૦ | શ્રી દિનેશભાઈ પોપટલાલ શાહ | — | ૧૧૦૦૦.૦૦ | — |
| શાંતિલાલ પોપટલાલ ચેરિટેબલ ટ્રસ્ટ | ૫૦૧૦૦.૦૦ | શ્રીમતી રેણુકાબેન રજનીકાંત શાહ | — | ૧૬૦૦૦.૦૦ | — |
| શ્રી નિરંજનભાઈ રણછોડદાસ શાહ | ૧૧૦૦૦.૦૦ | શ્રી રજનીકાંત મણિલાલ શાહ | — | ૧૬૦૦૦.૦૦ | — |
| શ્રીમતી પ્રભાવતીબેન સનાલાલ શાહ | ૧૫૦૦૦.૦૦ | શ્રી મયૂરભાઈ રજનીકાંત શાહ | — | ૧૬૦૦૦.૦૦ | — |
| શ્રી જયંતભાઈ હિંમતલાલ શાહ | ૧૦૦૦૦.૦૦ | શ્રીમતી આશીતાબેન મયૂરભાઈ શાહ | — | ૧૬૦૦૦.૦૦ | — |
| શ્રી માલવ ચિરાગભાઈ શાહ | ૧૭૦૦૦.૦૦ | શ્રી સંયમ મયૂરભાઈ શાહ | — | ૧૬૦૦૦.૦૦ | — |
| શ્રીમતી દીપાલીબેન એ. શાહ | ૧૧૦૦૦.૦૦ | શ્રીમતી પરેશાબેન દિલીપભાઈ શાહ | — | ૧૬૦૦૦.૦૦ | — |
| શાંતિલાલ પોપટલાલ ચેરિટેબલ ટ્રસ્ટ | ૨૫૦૦૦૧.૦૦ | શ્રીમતી પૂર્ણિમાબેન પ્રબોધભાઈ મહેતા | — | ૧૧૦૦૦.૦૦ | — |
| શ્રી સિમલા હાઉસ જૈન સંઘ | ૧૧૦૦૦.૦૦ | શ્રીમતી શાક્ષીબેન નિરવભાઈ મહેતા | — | ૧૧૦૦૦.૦૦ | — |
| શ્રી કસ્તુરચંદ બાપુલાલ શાહ | ૧૨૦૦૦.૦૦ | શ્રીમતી નિતાબેન સુધીરભાઈ | — | ૧૧૦૦૦.૦૦ | — |
| મે. એસ.એસ.પી.જે.એસ. ડિસ્ટ્રીબ્યુટર્સ | ૨૫૦૦૦.૦૦ | શ્રી ઋષભભાઈ સંજયભાઈ શાહ | — | — | ૫૧૦૦૦.૦૦ |

ADVT

સૌજન્ય : શ્રી પરેશભાઈ હીરાલાલ શાહ મુંબઈ.

# રુહાન

रात के अंधकार को चीरती हुई वह पहली सूरज की किरण
ओस की एक बूंद जो पूलकित पंखुडी का श्रींगार हो
वो किरण भी तुम हो, वो ओस की बूँद भी तूम हो।

वो आवाज जो सुकून भी दे और दिल में कसक भी छोड जाए
पवन का वो झोंका जो आने वाले पल का एहसास दे जाए
वो आवाज भी तुम हो, वो पवन का झोंका भी तुम हो।

इन्द्रधनुष की अधूरी गोलाई से उभरते रंगों का निखार
बादलों कि गर्जन से उमडता वो धरती के लिए प्यार
वो रंग भी तुम हो, वो प्यार भी तुम हो।

अनंत प्रेम से तराशे हुए हीरे का वैभव हो जैसे
या हो याचना उन उजली किरणों के सग उड जाने कि
वो वैभव भी तुम हो, वो याचना भी तुम हो।
तुन सूरज हो मेरे, तुम ही धुप हो मेरी
तुम शब्द हो मेरे, तुम ही स्याही हो मेरी
तुम हो, बस तुम, मेरे रुहान।

❑ डॉ. याचना वैभव शाह

## સંયમ જીવનના ૪૦ વર્ષ પૂર્ણ

પાટણ વખતજીની શેરીના શાહ કાન્તિલાલ ચુનીલાલ તથા માતા ચંદ્રાવતીબેનની કુક્ષીને જેમણે દીપાવી છે એવા વસુબેન તથા રૂપીબેન માતાપિતાના સુસંસ્કાર પામીને વિ.સં. ૨૦૩૦ માગસર વદ-૩ના શુભદિને પૂના નગરે પ્રભુવીરના માર્ગે પ્રયાણ કરી સંયમ જીવન અંગીકાર કર્યો. પૂ.પૂ. પ્રવર્તીની સા. કમલપ્રભાશ્રીજી મ.સા.ના ચરણકમલમાં સમર્પિત થઈને વિનીત શિષ્યા બન્યા. સા. વિશિષ્ઠપ્રજ્ઞાશ્રીજી મ. તથા સા. ઋજુ પ્રજ્ઞાશ્રીજી. મ. ગુરુ ચરણોમાં રહીને જ્ઞાનાભ્યાસ કર્યો અને આગળ વધતા વર્ધમાન તપની ૧૦૦ ઓળી તથા ૭૪ ઓળીના આરાધક તપસ્વી બન્યા. તપ-ત્યાગ-જ્ઞાન-ધ્યાનમાં જીવનને ઉજ્જવળ બતાવતા આજે સંયમ પર્યાયના ૪૦ વર્ષ પૂર્ણ કર્યા. તેઓ સંયમ જીવનમાં આગળ વધી દીર્ઘાયુષ્ય બની અનંતા જીવોને સંસાર સાગર તારનાર બને. એવી મહેચ્છા.


## મકાન વેચવાનું છે

કનાસાના પાડામાં વેલ ફરનીશ્ડ
બોમ્બે સ્ટાઈલનું મકાન વેચવાનું છે.
સંપર્ક :
ફોન : ૨૩૬૮૦૩૯૪ / ૨૩૬૮૦૩૯૫

Advt

## MATRIMONIAL

**NAME : SAGAR JAYKUMAR SHAH**
Father's Name : Jaykumar Fatehchand Shah
Mother's Name : Lata Jaykumar Shah
Date of Birth : 01-09-1984. Time of Birth :8:20 P.M.
Place of Birth : Mumbai. Patan Mohallo:Tamboli Wado
Education : H.S.C.
Occupation : Job. (Buying & Selling Executive at Starrays BDB)
Height : 5'-7"
Mosal : Jitendra Manilal Shah (Bhabha no Pado)
Address : 77/13, 2nd Floor, Patan Jain Mandal, F Road, Marine Drive, Mumbai-400 020.
Email : sagarjshah13@gmail.com
Contact No. : 022-2817 601/9819756804

Advt


## શ્રદ્ધાંજલિ

**સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના!**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશાશ્રીમાળી | કેશુ શેઠનો પાડો | નંદીનીબેન જયંતીલાલ શાહ | ૬૨ | મુંબઈ-કાંદિવલી | ૧૬-૧૨-૧૩ | માગસર સુદ-૧૪ |
| દશાપોરવાળ | કપૂર મહેતાનો પાડો | લાભચંદ મૂળચંદ શાહ | ૯૩ | મુંબઈ-ગોરેગામ | ૨૫-૧૨-૧૩ | માગસર વદ-૦૭ |
| વિશાશ્રીમાળી | મનમોહનજીની શેરી | લલીતાબેન મહાસુખલાલ શાહ | ૮૩ | ચેન્નાઈ | ૨૯-૧૨-૧૩ | માગસર વદ-૧૨ |
| સાંડેસરા | કેશુ શેઠનો પાડો | મીનાબેન કૌશિકકુમાર સાંડેસરા | ૫૩ | મુંબઈ-ભાઈંદર | ૦૭-૦૧-૧૪ | પોષ સુદિ-૦૭ |
| વિશાશ્રીમાળી | મારફતીયા મહેતાનો પાડો | નવીનભાઈ શાંતિલાલ ઝવેરી | ૭૯ | મુંબઈ-વાલકેશ્વર | ૦૯-૦૧-૧૪ | પોષ સુદિ-૦૯ |

***ચક્ષુદાન કરેલ છે. ✷દેહદાન કરેવ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો**

**ચક્ષુદાન ક્યાં કરશો? ● દાદર (વેસ્ટ) ● ડૉ. ગોખલે આઈ બૅંક ● ફોન : ૨૪૨૨૧૯૨૦ ૨૪૨૨૭૪૨૫**

ચક્ષુદાન અંગે જૈન સમાજ અન્ય કોમની તુલનાએ સારી એવી જાગૃતિ ધરાવે છે

**આંખનું જતન કરો! મૃત્યુબાદ ચક્ષુદાન કરો**

સમગ્ર હિન્દુ સમાજ માટે પાર્થિવદેહને સ્મશાનભૂમિ સુધી લઈ જવા

**મોક્ષવાહિની** (અંતિમયાત્રા રથ) **સંપૂર્ણપણે વિના મૂલ્ય સેવા**

સંપર્ક : **લોઢા ફાઉન્ડેશન ૮૮૭૯૨૫૬૯૯૨ ● ૯૭૬૯૪૨૮૫૮૯-૧૨૭૮**



# સાભાર સ્વીકાર



**શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ પરિવાર (ઢંઢેરવાડો)**
**મેડીસીન (દવા) સહાય યોજના ફંડ**

૬૧૧૧૧૧૧ શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહના સ્મરણાર્થે (ઢંઢેરવાડો)
હસ્તેઃ શ્રી તુષારભાઈ અને શ્રી જયેશભાઈ પ્રવીણચંદ્ર શાહ

**શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ પરિવાર (ઢંઢેરવાડો)**
**પબ્લિક સીકબેડ સેન્ટર–મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી**

૪૦૦૦૦૦૦ શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહના સ્મરણાર્થે (ઢંઢેરવાડો)
હસ્તેઃ શ્રી તુષારભાઈ અને શ્રી જયેશભાઈ પ્રવીણચંદ્ર શાહ

**શ્રી દીપકભાઈ ચંપકલાલ ઝવેરી શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૧૦૦૦૦૦ શ્રી આશિષભાઈ દીપકભાઈ ઝવેરી (મનમોહનજીની શેરી)

**શ્રી સિધ્ધહેમ જ્ઞાનપીઠ (પાટણ) ભેટ**

૨૫૦૦૦ શ્રી પ્રમોદભાઈ મણિલાલ શાહ (ખેતરવસી)
(શામળાજીની શેરી)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૧૦૦૦ શ્રી પ્રમોદભાઈ મણિલાલ શાહ (ખેતરવસી)

**શિક્ષણ સહાય ભેટ**

૧૧૦૦૦ શ્રી મૂલચંદભાઈ નાનાલાલ શાહ (કનાસાનો પાડો)
ચિ. સાહિલના લગ્ન પ્રસંગે

**દવા સહાય ભેટ**

૧૧૧૧૧ સ્વ. શ્રી રાજેન્દ્રભાઈ કંચનલાલ શાહ (ચોધરીની શેરી)
૫૦૦૦ શ્રીમતી મંજુલાબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસી)
(શાંતિનાથની પોળ) ચિ. પંક્તિના લગ્નની ખુશાલીમાં

**આર્થિક સહાય ભેટ**

૫૦૦૦ શ્રી સુરેશભાઈ સેવંતીલાલ શાહ (પોળની શેરી)
ચિ. રાહુલના લગ્ન ચિ. મીનલ સાથે થયાની ખુશાલીમાં



# શુભ વિવાહ



**સંવત ૨૦૭૦ માગસર સુદ-૬ રવિવાર તા. ૦૮-૧૨-૨૦૧૩**
શ્રી સુરેશભાઈ સેવંતીલાલ શાહના સુપુત્ર **ચિ. રાહુલ** (પોળની શેરી)
શ્રી પીયૂષભાઈ ચીનુભાઈ શાહની સુપુત્રી **ચિ. મોનલ** (તંબોલીવાડો)

**સંવત ૨૦૭૦ માગસર વદ-૩ શુક્રવાર તા. ૨૦-૧૨-૨૦૧૩**
શ્રી અરવીંદભાઈ એરોલકરના સુપુત્ર **ચિ. ગૌતમ** (–)
શ્રી અશેષભાઈ અરવીંદભાઈ શાહની સુપુત્રી **ચિ. પંક્તિ** (ખેતરવસી)

**સંવત ૨૦૭૦ માગસર વદ-૭ મંગળવાર, તા. ૨૪-૧૨-૨૦૧૩**
સંજયભાઈ રસિકલાલ શાહના સુપુત્ર **ચિ. અંકિત** (મહાલક્ષ્મી માતાનો પાડો)
શ્રી દેવેશભાઈ પ્રવીણભાઈ મણીયારની સુપુત્રી **ચિ. પૂજા** (-)

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત
# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ

વર્ષ ૨૦૧૪ જાન્યુઆરી, ઉત્તરાયણના પ્રસંગે આપણી શાળા દ્વારા જીવદયા નિમિત્તે પક્ષીઓ ને જે દોરી દ્વારા જાનહાનિ થાય છે, તે બાબતે વિદ્યાર્થીઓ/વાલીઓ/નાગરિકોમાં સકારાત્મક જાગૃતિ લાવવા નમ્ર પ્રયાસ કર્યો છે. આ જાગૃતિ પ્રેરક કાર્યક્રમમાં એક નાની ઓડિયો/વીઝ્યુલ દ્વારા ઉત્તરાયણ અન્વયે પક્ષીઓ / પ્રાણીઓને જે દોરી વડે હાનિ પહોંચે છે, તેની સંવેદનાત્મક ફિલ્મ દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી.

આ કાર્યક્રમ અંતર્ગત શ્રી બી.ડી.સાર્વજનિક વિદ્યાલય સંકુલમાં સમગ્ર વિદ્યાર્થીઓને ફિલ્મ બતાવીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ. શાળાની આસપાસના વિસ્તારો, સાલવીવાડો, ઉંચી શેરી, લોટેશ્વર, બુલાખીવાડો, મોહનનગર, ભૈરવનગર, શિવમપાર્ક, ગુર્જરવાડો, જેવા વિસ્તારોમાં આ કાર્યક્રમ રાત્રી દરમ્યાન નાગરિકોને એમ.એન. વિદ્યાલય વી.એમ. દવે તેમજ સરસ્વતી માધ્યમિક શાળાના બાળકોને પણ આ ફિલ્મ બતાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમના આયોજન થકી વિદ્યાર્થીઓ / વાલીઓ અને નાગરિકોમાં જીવદયા-પશુ પક્ષીઓ અંગે અનુકંપા જાગૃત થઈને ચિંતનશીલ બન્યા હતા. ઘણાં વિદ્યાર્થીઓ તથા નાગરિકોએ પતંગ નહીં ઉડાવવાની પ્રતિજ્ઞા લઈને આ કાર્યક્રમને અનુમોદના આપી હતી.

## વાસ્તવવાદી

*મારા શબ્દકોષમાંથી અશક્ય શબ્દને*
*મેં કાઢી નાખ્યો નથી, હું નેપોલીયન નથી.*
*મેં તો માત્ર તેને ''શક્ય''ની પછી ગોઠવી દીધો છે.*
*ને વચ્ચે પરિશ્રમ, પ્રસ્વેદ, પુરુષાર્થને મૂકી દીધા છે.*
*હું વાસ્તવવાદી છું.*

□ અજીત જે. શાહ

# સિધ્ધહેમ જ્ઞાનપીઠ-પાટણ

## સાધુ-સાધ્વી ભગવંતો અને મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન માટે

- શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કાં.) રિલીજીયસ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- મે. કે. સેવંતીલાલ એન્ડ કાં. (ચિતારાની ખડકી)
- મે. મિલન જ્વેલર્સ (ઝવેરી વાડો)
- શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાંતિલાલ શાહ (બ્રાહ્મણ વાડો)

**દેરાસરના ટ્રસ્ટીઓને આગ્રહભરી વિનંતી**

**આપના જ્ઞાન ખાતાના ફંડમાંથી**
**સિધ્ધહેમ જ્ઞાનપીઠ માટે દાન આવકાર્ય**

PATAN PRATIBIMB • JANUARY 2014 • PRICE Rs. 2/- • Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th & 26th of every month. Regd. No. MH / MR/ South–135 / 2012–14
Published on 15th of every month

## SHREE PATAN JAIN MANDAL

### SAMAJ VIKAS FUND

### MEDICINE (DAWA) SAHAY YOJNA & PUBLIC HEALTH CARE CENTRE FUND

SHRI PRAVINCHANDRA KESARICHAND SHAH — Rs. 1.01 CRORE
BY SHRI TUSHARBHAI AND SHRI JAYESHBHAI [Dhandherwado]

### EDUCATION SAHAY CORPUS FUND

SEVANTILAL KANTILAL TRUST — Rs. 80 LACS

### SAMAJ VIKAS CORPUS FUND

SMT MINABEN & SHRI NITINBHAI JAYANTILAL GABHRUCHAND SHAH & FAMILY USA (Khetarvasi) — $ 1 LAC

- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah,
  By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah,
  By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri
  By : Shri Hitenbhai Pravinchandra Shah
- Late Shri Pramodbhai Bhogilal Jhaveri (Sayba), (Chodhrini Sheri)
  By : Smt. Maltiben, Smt. Falguniben & Shri Devangbhai Jhaveri
- Shri Mafatlal Chudghar Charitable Trust, Chodhrini Sheri
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado
  By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Shri Maulikkumar, Divyabalaben, Navinbhai Shah, Pole ni Sheri
- Smt. Subhadraben Ramanlal Shah Charitable Trust, Kumbharia Pado
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah,
  By : Shri Jitenbhai, Kanasano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Premlataben & Shri Pratapbhai Punamchand Jaswa (Kasumbia Vado)
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Smt. Hansaben Manaharlal Keshavlal Shah, Lahiarvado
- Late Shri Balubhai Chhotalal Shah,
  By : Smt. Hansaben, Khadakhotdi no Pado
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty.
  In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Late Shri Sevantilal Chhaganlal Shah
  By: Shri Sharadbhai and Shri Harshadbhai (Tamboli Vado)
- A Well-Wisher
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado

### REVOLVING FUND : Target Rs. 5 Crores

**To provide interest free Educational Loan**

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 15 Lakhs |
| **Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri** (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri | Rs. 11 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado)** By Late Saraswatiben Jamnadas Jhaveri through her will | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr.Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kusumben Vrajlal Shah & Vrajlal Jesinglal Shah** (Jafujiwala) (Tamboli Vado) | Rs. 5 Lakhs |
| **Smt. Taraben Sevantilal Nathalal Khandwala** (Keshu Sheth no pado) By Shri Kandarpbhai | Rs. 12 Lakhs |

### MEMORIAL FUND

| NAME OF THE DONOR | DONATION |
|---|---|
| • Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | **Rs. 8 Crores** |
| • Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | **Rs. 10 Lakhs** |

The donors donating in **MEMORIAL FUND** through their will -- it can be utilised for special activities of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.